# પ્રેસનોટ

## આણંદ કૃષિ યુનિવર્સિટી ખાતે “રીસેન્ટ ડેવલપમેન્ટ ઇન એગ્રોનોમી” વિષય ઉપર રાષ્ટ્રીય કક્ષાનું અધિવેશન યોજાયો

આણંદ કૃષિ યુનિવર્સિટી હસ્તકની બં.અ. કૃષિ મહાવિદ્યાલયની પ્લેટીનમ જુબિલી અને આઝાદીકા અમૃત મહોત્સવ અંતર્ગત એગ્રોનોમી વિભાગ અને બીએસીએ એલમની એસોશિએશનના સંયુક્ત ઉપક્રમે તા. ૨૩ ઓક્ટોબર, ૨૦૨૧ના રોજ કોલેજના મધ્યસ્થ ખંડમાં “રીસેન્ટ ડેવલપમેન્ટ ઇન એગ્રોનોમી” વિષય ઉપર રાષ્ટ્રીય કક્ષાનું અધિવેશન યોજાયો.

આ પ્રસંગે આણંદ કૃષિ યુનિવર્સિટીના તથા ગુજરાત ઓર્ગેનિક એગ્રિકલ્ચરલ યુનિવર્સિટીના માન. કુલપતિશ્રી ડૉ. કે. બી. કથીરીયાના અધ્યક્ષસ્થાને, ડૉ. એસ. કે. ચૌધરી, ડેપ્યુટી ડાયરેક્ટર જનરલ (એન.આર.એમ.) આઈસીએઆર, ન્યુ દિલ્હી મુખ્ય મહેમાન તથા અતિથી વિશેષ તરીકે પૂર્વ કુલપતિશ્રી, ગુજરાત કૃષિ યુનિવર્સિટી, ડૉ. સી. એચ. રાણા ઉપરાંત  સંશોધન નિયામક અને અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષ, આણંદ કૃષિ યુનિવર્સિટી, ડૉ. એમ. કે. ઝાલા, આચાર્ય અને વિદ્યાશાખાધ્યક્ષ ડૉ. વાય. એમ. શુક્લ, જોઈન્ટ ડાયરેક્ટર ઓફ એગ્રીકલ્ચર, ગુજરાત સરકાર, ડૉ. વાય. આઈ. શિહોરા ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

સદર કાર્યક્રમમાં મહેમાનોનું સ્વાગત કરતા ડૉ. વાય. એમ. શુક્લ એ જણાવ્યું કે એગ્રોનોમી વિભાગ દ્વારા આજનો આ અધિવેશન ખેડૂતોના કલ્યાણ અને માનવીય મુલ્યોને ઉજાગર કરવાના હેતુ સિદ્ધ કરે છે. આ પ્રસંગે ભૂતપૂર્વ વિભાગીય વડાઓને તેઓના અમુલ્ય યોગદાનને ધ્યાને લઇ શાલ અને મોમેન્ટો અર્પણ કરી બહુમાન કરવામાં આવ્યું હતું.

સંશોધન નિયામક અને અનુસનાતક વિદ્યાશાખાધ્યક્ષ, ડૉ. એમ. કે. ઝાલા સાહેબે એગ્રોનોમી વિષયમાં ૫૫૨ જેટલા વિદ્યાર્થીઓએ ડીગ્રી મેળવી છે અને હાલ ૩૮ જેટલા વિદ્યાર્થીઓ અનુસ્નાતક અભ્યાસ કરી રહ્યા છે તેવું જણાવતા કહ્યું હતું કે દેશની હરિયાળી ક્રાંતિ લાવવામાં આ વિષયે મહત્વના ભાગ ભજવ્યો છે. હાલમાં સજીવ ખેતી અને નીંદણ નિયંત્રણ જેવા વિષયો સાથે ક્લાઈમેટ ચેન્જ જેવી પડકાર ભરી સ્થિતિમાં એગ્રોનોમી ફેકલ્ટીનો સિંહ ફાળો છે.

ભૂતપૂર્વ કૂલપતિશ્રી, ડૉ. સી. એચ. રાણાએ  પોતાના પ્રવચનમાં આણંદ કૃષિ યુનિવર્સિટીએ રાષ્ટ્રીય રેન્કિંગમાં આગામી હરોળમાં રહી પોતાની વિશેષતા અને પ્રગતી જાળવી રાખવા બદલ અભિનંદન આપ્યા હતા.

ડેપ્યુટી ડાયરેક્ટર જનરલ (એન.આર.એમ.) ડૉ. એસ. કે. ચૌધરી સાહેબે પોતાના વ્યક્તવ્યમાં એગ્રોનોમીનું ખાસ મહત્વ સમજાવ્યું હતું. દેશમાં અને વિદેશની યુનિવર્સિટી સાથે સરખામણી કરતા આણંદ કૃષિ યુનિવર્સિટીની કામ કરવાની પદ્ધતિને બિરદાવી હતી. દેશમાં ખેડૂતોની આવક બમણી કરવા માટે ઈન્ટીગ્રેટેડ ફાર્મિંગ, મલ્ટી એન્ટરપ્રાઈઝ અને લાઈવલીહુડ જેવા મુદ્દાઓને મુખ્ય ગણાવ્યા હતા. વધુમાં તેમણે ખાસ કન્ફર્મેટીવ રીસર્ચની જગ્યાએ ફન્ડામેન્ટલ રીસર્ચ કરી મહત્વનો ભાગ ભજવવા અનુરોધ કર્યો હતો.

માન. કુલપતિશ્રી ડૉ. કે. બી. કથીરીયા સાહેબ કે જેમના સીધા માર્ગદર્શન હેઠળ નિવૃત્ત વૈજ્ઞાનિકો અને ભૂતપૂર્વ તથા હાલમાં પોસ્ટ ગ્રેજ્યુએશન કરતા એગ્રોનોમી વિષયના વિદ્યાર્થીઓ માટે આયોજિત નેશનલ અધિવેશનના પ્રસંગે ખાસ ઉપસ્થિત રહી પ્રેરકબળ પૂરું પાડ્યું હતું. યુનિવર્સિટીના ખેડૂતલક્ષી તથા વિદ્યાર્થીઓના ઉત્કર્ષ માટેના કાર્યમાં યુનિવર્સિટી દ્વારા હમેશા અગ્રેસર રહી છે. તેવું તેમની આગવી શૈલીમાં વ્યક્ત કરેલ.

અંતમાં ડૉ. વિમલ પટેલ, વિભાગીય વડા અને અધિવેશનના કન્વીનરે વૈજ્ઞાનિકો અને વિદ્યાર્થીઓને ઓનલાઈન અને ઓફલાઈન માધ્યમથી હાજર રહેવા બદલ આનંદ વ્યક્ત કરતા સર્વેનો આભાર માન્યો હતો.

ડૉ. અમિત જે. ઝાલા, અમેરિકા થી ઓનલાઈન હાજર રહી એગ્રોનોમી અને બાગાયતી પાકોમાં નીંદણ નિયંત્રણ અંગેની અગત્યની નવી ટેકનોલોજી સાથે પોતાનું વ્યક્તવ્ય રજુ કર્યું હતું. જયારે ડૉ. વાય. આઈ. શિહોરા, સંયુક્ત ખેતી નિયામકે ફાર્મ મીકેનાઈજેશન અંગેની મોર્ડન ટેકનીક અંગેનું વ્યક્તવ્ય રજુ કર્યું હતું.









